RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 72, Dt.04-06-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



## ભાજપના ૪૦૦ પારના સ્વપ્ન વચ્ચે ૩૦૦ બેઠકના પણ ફાંફા!

### એકઝીટ પોલના વરતારા કરતા વિરોધાભાષી પરિણામોઃ મોદી મેજીક ઓસર્યોઃ ભાજપનું સ્વપ્નું ચકનાચુરઃ અનેક રાજ્યોમાં મોટો ઉલટફેર, મતદારોએ ભાજપની હવા કાઢી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય લોકશાહીના મહાપર્વ એવી લોકસભાની ચૂંટણી પરિણામોના પ્રારંભીક ટ્રેન્ડમાં ભારે ઉતેજનાભર્યો માહોલ સર્જાયો હતો. એનડીએને પ્રચંડ બહુમતી આપતા વન-સાઈડેડ એકઝીટ પોલથી વિરોધાભાસી ટ્રેન્ડ હોય તેમ કોંગ્રેસ ગઠબંધન ૨૦૦ના આંકડાને પાર કરી ગયુ હતું. જયારે એનડીએની સરસાઈ ધરાવતી બેઠકોનો આંકડો ૩૦૦ની આસપાસ રહ્યો છે.

સ્મૃતિ ઈરાની સહિત અનેક કેન્દ્રીયમંત્રીઓ સહીતના મહારથી પાછળ હતા. જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાહુલ ગાંધી, અમીત શાહ સહિતના રાષ્ટ્રીય નેતાઓ સારી એવી લીડ સાથે આગળ હતા. ભાજપ માટે આંચકાજનક આ ટ્રેન્ડમાં પાર્ટીનું છેલ્લા ૧૦ વર્ષનું સૌથી ખરાબ પ્રદર્શન રહ્યું છે અને ૨૦૧૪ પછીની સૌથી ઓછી સીટ મળી રહ્યાનું ચિત્ર છે.

ચૂંટણી પરિણામોના પ્રારંભીક ટ્રેન્ડમાં મોટી ઉલટફેર જોવા મળી હોય તેમ બિહાર, ઝારખંડ, ઓડીશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશમાં ભાજપ- એનડીએનો જબરદસ્ત દેખાવ રહ્યો હતો જયારે આશ્ચર્યજનક રીતે ઉતરપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત જેવા ભાજપના ગઢ સમા રાજયોમાં કોંગ્રેસ ગઠબંધને ગાબડુ પાડયુ હતું.

દેશમાં લોકસભાની ૫૪૩ બેઠકો પર સાત તબક્કામાં ચૂંટણી યોજાઈ હતી. ૮૦ દિવસ ચાલેલી મહાકવાયત શનિવારે પૂર્ણ થયા બાદ આજે સવારથી તમામ બેઠકો પર મતગણતરી શરૂ કરવામાં આવી હતી. પ્રારંભીક કલાકોના ટ્રેન્ડમાં ફરી એનડીએને બહુમતી મળવા સાથે સતત ત્રીજી વખત મોદી સરકાર રચાવાનું ચિત્ર ઉપસ્યુ હતું છતાં એકઝીટ પોલના આધારે એનડીએનો એકતરફી અને પ્રચંડ બહુમતીથી વિજય થવાના તારણો શંકાસ્પદ બનવા લાગ્યા હતા. જુદા-જુદા રિપોર્ટમાં બેઠકોના ટ્રેન્ડમાં મોટુ અંતર જોવા મળી રહ્યું હતું. એનડીએ ૩૦૦ આસપાસ બેઠકો પર લીડ મેળવી રહ્યું હતું જયારે ઈન્ડિયા ગઠબંધનની ૨૦૦થી વધુ બેઠકો પર સરસાઈ માલુમ પડતી હતી.

આશ્ચર્યજનક બાબત એ હતી કે ભાજપના ગઢ ગણાતા રાજયોમાં પ્રારંભીક ટ્રેન્ડમાં મોટો ઉલટફેર હોવાની છાપ હતી. કર્ણાટકમાં કોંગ્રેસનું શાસન હોવા છતાં ૨૮માંથી૨૦ બેઠકો પર ભાજપની સરસાઈ હતી. પશ્ચિમ બંગાળમાં ૪૨માંથી ૧૫ બેઠકોમાં ભાજપને સરસાઈ હતી. ઓડીશા બીજેડીનો ગઢ ગણાય છે ત્યાં ભાજપને ૨૧માંથી૧૮ બેઠકોમાં લીડ હતી.

નીતીશકુમાર સાથે જોડાણનો લાભ થયો હોય તેમ બિહારમાં ૪૦માંથી ૩૪ બેઠકોમાં ભાજપને લીડ હતી. છતીસગઢ, ઉતરાખંડ તથા ઝારખંડમાં દબદબો યથાવત હતો તેવીજ રીતે આંધ્રપ્રદેશમાં ૨૫માંથી ૧૮ બેઠકોમાં એનડીએની લીડ હતી તેની સામે ઉતરપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત જેવા રાજયોમાં ઈન્ડિયાએ ગાબડુ પાડયુ હતું.

પ્રારંભીક ટ્રેન્ડ મુજબ ઉતરપ્રદેશમાં ૮૦માંથી માત્ર ૪૫ બેઠકો પર ભાજપને લીડ હતી. મહારાષ્ટ્રમાં ૪૮માંથી ૧૮ બેઠકોમાં તેને સરસાઈ હતી. રાજસ્થાનમાં ૨૫માંથી૧૩ જ બેઠકમાં ભાજપના ઉમેદવારો આગળ હતા. ગુજરાતમાં પણ ભાજપને એકાદ-બે બેઠકનું નુકશાન હોવાનું ચિત્ર હતું.

પ્રારંભીક મતગણતરીમાં મોટાભાગના રાષ્ટ્રીય નેતાઓ આગળ હોવા છતાં અનેક મહારથીઓ પાછળ હતા. મહારાષ્ટ્રના બારામતીમાં સુપ્રિયા સુલે પાછળ હતા. હરિયાણામાં પુર્વ મુખ્યમંત્રી ખટ્ટર પાછળ હતા.

## ગુજરાતની પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીમાં ભાજપની પ્રચંડ જીત

### કોંગ્રેસ છોડી ભાજપમાં આવનાર ૪ તથા અપક્ષમાંથી ભાજપમાં ચૂંટણી લડતા નેતાની જીત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશમાં આજે લોકસભા ચુંટણીના પરિણામો બહાર આવી રહ્યા છે ત્યારે ગુજરાતની પાંચ વિધાનસભા બેઠકો માટે પણ મતગણતરી થઈ હતી. કોંગ્રેસ છોડી ભાજપમાં પ્રવેશ કરનાર પાંચ નેતાઓએ તેજ બેઠક પર ચુંટણી લડી હતી. ૨૦૨૨ની વિધાનસભા ચુંટણીમાં ભાજપને ગુજરાતમાં ૧૫૬ બેઠકો પર જીત મળી હતી.

ત્યારે વિપક્ષના પાંચ કદાવર નેતાઓની લોકસભા ચૂંટણી પુર્વે ભાજપમાં એન્ટ્રી થઈ હતી. આ તમામ પાંચેય વિપક્ષના ધારાસભ્યોએ એક બાદ એક રાજીનામા આપ્યા હતા અને ભાજપમાં પ્રવેશ લીધો હતો. પોરબંદરથી અર્જુન મોઢવાડીયા, વિજાપુરથી ચતુરસિંહ ચાવડા, આણંદ જીલ્લાના ખંભાત બેઠક પરથી ચિરાગ પટેલ, માણાવદરથી અરવિંદ લાડાણી અને વડોદરા જીલ્લાની વાઘોડીયા



બેઠકથી ધર્મેન્દ્રસિંહ વાઘેલા જે અપક્ષ ધારાસભ્ય તરીકે ચુંટાયા હતા.

તેને રાજીનામુ આપી ભાજપમાં પ્રવેશ લીધા બાદ પેટાચુંટણીમાં હવે જંગી લીડથી વિજય થયા છે. વિજાપુરથી સી.જે.ચાવડાને ૫૫૫૫૫ મત (૧૮માંથી ૧૭માં રાઉન્ડના અંતે) લીડ મળી છે અને જીત નિશ્ચિત છે. તેઓ કોંગ્રેસના દિનેશભાઈ તુલસીભાઈ પટેલ સામે જંગી લીડથી જીતશે. ત્યારે પોરબંદરમાં અર્જુનભાઈ મોઢવાડીયા જે કોંગ્રેસના પુર્વ પ્રદેશ પ્રમુખ રહી ચૂકયા છે

તેઓ ભાજપમાંથી હવે ૧.૧૬ લાખ મતોથી જીત્યા છે અને કોંગ્રેસના રાજુ ઓડેદરા સામે જંગી લીડથી વિજય થયા છે. જુનાગઢ જીલ્લાના માણાવદર બેઠક પર ૨૦માંથી ૧૭માં રાઉન્ડના અંતે અરવિંદ લાડાણી ૨૭૦૦૦ મતોથી આગળ છે તેની સામે કોંગ્રેસના હરિભાઈ કણસાગરા હારી રહ્યા છે. આ બેઠક પર અરવિંદ લાડાણી દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા હતા કે પુર્વ કેબીનેટ મંત્રી જવાહર ચાવડા દ્વારા તેના વિરુદ્ધનો પ્રચાર કરવામાં આવ્યો હતો.

આણંદ જીલ્લાની ખંભાત બેઠકમાં ભાજપના ચિરાગ પટેલની કોંગ્રેસના મહેન્દ્રસિંહ પરમાર સામે ૩૮૨૦૨ મતોથી જીત થઈ છે. વડોદરા જીલ્લાની વાઘોડીયા બેઠક પર ભાજપના ધર્મેન્દ્રસિંહ વાઘેલાની ૧૪માં રાઉન્ડના અંતે ૫૮૫૧૬ મતોથી આગળ છે અને તેની પણ જીત નિશ્ચિત છે તેવું માનવામાં આવી રહ્યું છે કે ટુંક સમયમાં હવે ગુજરાત મંત્રીમંડળમાં વિસ્તરણ થશે અને અર્જુન મોઢવાડીયા તથા સી.જે.ચાવડાને તેમાં સ્થાન મળશે.

## ચૂંટણીમાં એનડીએની પ્રચંડ બહુમતિ મળવાની આશા ધુળધાણી થતાં સેન્સેકસમાં ૬૨૦૦ પોઈન્ટનો ઐતિહાસિક કડાકો

### રોકાણકારોના ૩૫ લાખ કરોડ સ્વાહાઃ તમામ શેરોમાં ગાબડાઃ નિફટી ૧૭૦૦ પોઈન્ટ ગગડયો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

મુંબઈ શેરબજારમાં પ્રચંડ કડાકો સર્જાયો હતો. લોકસભા ચૂંટણીમાં ભાજપ-એનડીએને પ્રચંડ બહુમતી મળવાની આશા ધૂળધાણીથઈ જતા માર્કેટમાં વેચવાલીનો મારો નીકળ્યો હતો અને તમામે તમામ શેરોમાં ગાબડા પડયા હતા. સોમવારની તેજીથી તદન વિપરીત બમણા જોરની મંદી થઈ હતી.

શેરબજારમાં કામકાજની શરૂઆત થઈ ત્યારે જ લોકસભાની ચૂંટણીના પરિણામોનો ટ્રેન્ડ આવવો શરુ થઈ ગયો હતો. એકઝીટ પોલ જેવા પરિણામ નહી આવવાની શંકાથી શરૂઆતથી જ નબળાઈ આવી ગઈ હતી અને ટ્રેન્ડ વધુ સ્પષ્ટ થવા સાથે વેચવાલીનો મારો વધતો રહ્યો હતો. એનડીએની બહુમતી એકદમ સામાન્ય અને પાતળી રહેવાના સંકેતો ઉપસતા ગભરાટ સર્જાયો હતો અને વધુને વધુ દબાણ સર્જાતુ રહ્યું હતું.



તમામે તમામ શેરોમાં જોરદાર ગાબડા પડવા લાગ્યા હતા. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ભાજપને એકલા હાથે ૨૭૨ બેઠકોની બહુમતી મળે તેવી સ્થિતિ રહી નથી. એનડીએને પણ પાતળી બહુમતી રહેવાની શકયતા જણાઈ રહી છે. આ સંજોગોમાં ત્રીજી ટર્મમાં પણ મોદી સરકાર રચાય તો પણ ક્રાંતિકારી અને ઐતિહાસિક સુધારાના પગલા નહી લઈ શકે અને આ ગણતરીના આધારે શેરબજાર અટકાયુ છે. આગામી દિવસોમાં બજેટ સહિતના કારણો પર હવે નજર રહી શકે છે.

અદાણી ગ્રૂપની તમામ કંપનીઓના શેર મંગળવારે ગબડ્યા હતા કારણ કે પ્રારંભિક વલણ પ્રમાણે ભાજપ એક્ઝિટ પોલમાં અનુમાન કરતાં ઓછી બેઠકો જીતે તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે.

અદાણી પોર્ટ્સનો સ્ટોક ૨૦ ટકા, અદાણી એનર્જી સોલ્યુશન્સ ૧૯.૮૦ ટકા, અદાણી પાવર ૧૯.૭૬ ટકા, અંબુજા સિમેન્ટ્સ ૧૯.૨૦ ટકા અને ગ્રૂપની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર ૧૯.૧૩ ટકા ઘટ્યો હતો.

અદાણી ટોટલ ગેસ ૧૮.૫૫ ટકા, અદાણી ગ્રીન એનર્જી ૧૮.૩૧ ટકા, ગઉઝટ ૧૫.૬૫ ટકા, ACC ૧૪.૪૯ ટકા અને અદાણી વિલ્મર ૯.૮૧ ટકા ઘટ્યા હતા.

ભારતીય શેરબજારમાં તીવ્ર વેચવાલીથી રોકાણકારોને ભારે નુકસાન થયું હતું, મંગળવાર, જૂન ૪ના રોજ ઈન્ટ્રા-ડે ટ્રેડિંગમાં તેમની સંપત્તિમાં આશરે ₹૩૮ લાખ કરોડનો ઘટાડો કર્યો હતો. મંગળવારે બપોરે ૧૨:૧૫ વાગ્યાની આસપાસ ઇજીણ પર લિસ્ટેડ કંપનીઓનું એકંદર માર્કેટ કેપ ₹૩૮૮ લાખ કરોડ સુધી પહોંચી ગયું હતું. એક દિવસ પહેલા તે લગભગ ₹૪૨૬ લાખ કરોડ હતું

## ક્ષત્રિય આંદોલન વચ્ચે પણ પરસોત્તમ રૂપાલાની જંગી લીડ સાથે જીત

### ટીઆરપી ગેમઝોનમાં બનેલી અગ્નિકાંડની કરૂણ ઘટનાને પગલે ભાજપ દ્વારા જીતની ઉજવણી નહીં કરાય

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર ગુજરાતમાં હાઈવોલ્ટેજ મનાતી રાજકોટ લોકસભાની બેઠક ઉપર આજે સવારથી ભારે ઉત્તેજના વચ્ચે મત ગણતરી શરૂ થતાં પ્રારંભથી જ ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા તેમના નજીકના હરીફ કોંગ્રેસનાં પરેશ ધાનાણી સામે મોટી લીડથી આગળ નીકળી જતાં ભાજપની છાવણી ગેલમાં આવી ગઈ છે. આજે સવારે પ્રારંભીક મતગણતરીથી જ ભાજપના ઉમેદવાર સતત લીડ કરી રહ્યાં છે તે જોતા રૂપાલાની લીડ ચાર લાખ ઉપર પહોંચે તેવા નિર્દેશો મળે છે.

આજે સવારે સરકારી એન્જીનીયરીંગ કોલેજ ખાતે મતગણતરી શરૂ થઈ હતી.તેમાં સવારે ૮ વાગ્યે ઓબ્ઝર્વર અને ઉમેદવારોની હાજરીમાં સ્ટોંગરૂમના સીલ ખોલવામાં આવ્યા બાદ સૌ પ્રથમ પોસ્ટલ બેલેટની મતગણતરી કરવામાં આવી હતી અને ત્યારબાદ ઈવીએમની ગણતરી શરૂ કરાઈ હતી. મત ગણતરીના પ્રથમ રાઉન્ડમાં જ ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાને ૨૫૬૫૨ મતની લીડ મળી હતી. જ્યારે બીજા રાઉન્ડમાં આ લીડ વધીને ૫૪૧૭૨ થઈ ગઈ હતી અને ત્રીજા રાઉન્ડમાં ૮૧૧૨૬, ચોથા રાઉન્ડમાં ૯૯૬૪૦ અને પાંચમાં રાઉન્ડના અંતે લગભગ સવા લાખ મતની લીડ પરસોતમભાઈ રૂપાલાને મળી ગઈ હતી.

આ જોતા ભાજપના ઉમેદવાર જંગી લીડથી વિજેતા બને તેવું પ્રાથમિક મત ગણતરીના ટ્રેન્ડ ઉપરથી જોવા મળી રહ્યું છે. રાજકોટ સંસદીય મત વિસ્તાર હેઠળ આવતી સાત વિધાનસભા બેઠકમાં કુલ ૫૯.૬૯ ટકા મતદાન થયું હતું. જેમાં સૌથી વધુ મતદાન ટંકારા વિધાનસભા





(તસ્વીરઃ આનંદ જાવિયા)

બેઠકમાં ૬૬.૮૪ ટકા અને સૌથી ઓછું જસદણ વિધાનસભા બેઠકમાં ૫૫.૬૮ ટકા મતદાન નોંધાયું હતું.

### બનાસકાંઠામાં ભાજપની હેટ્રીક પર કોંગ્રેસના ગેનીબેન ઠાકોરે લગાવી રોકઃ શક્તિસિંહ ગોહીલે ટવીટ કરી ગેનીબેનને જીતની શુભેચ્છા પાઠવી

રાજકોટ લોકસભા બેઠકમાં ૨૦ લાખથી વધુ મતદારોમાંથી કુલ ૧૨,૬૦,૭૬૮ મતદારોએપોતાના મતદાધિકારનો ઉપયોગ કરી મતદાન કર્યુ હતું. આજે સવારે મતગણતરી શરૂ કરવામાં આવી છે ત્યારે ગવર્મેન્ટ એન્જીનીયરીંગ કોલેજ ખાતે અલગ અલગ સાત વિધાનસભા બેઠક માટે સાત રૂમમાં ૧૪ ટેબલ પર ઈવીએમ મશીનની મતગણતરી ચાલી રહી છે ત્યારે બે અલગ રૂમમાં પોસ્ટલ બેલેટ પેપર અને ઈવોટીંગની મતગણતરી શરૂ કરવામાં આવી છે ત્યારે બપોર સુધીમાં પરિણામ ઘોષિત થઈ જાય તેવા સંકેતો મળી રહ્યાં છે.

રાજકોટ લોકસભા બેઠક ક્ષત્રિય સમાજના આંદોલનના કારણે દેશભરમાં ભારે ચર્ચાનો મુદ્દો બની છે ત્યારે રાજકોટ બેઠકમાં બન્ને ઉમેદવારો આયાતી હોય કોની જીત થાય છે તેની સામે સૌની મીટ મંડાઈ હતી. જેમાં આજે પહેલા રાઉન્ડમાં જ ભાજપના ઉમેદવાર રૂપાલાનો ઘોડો આગળ નીકળી ગયો છે જેના કારણે ભાજપની છાવણીમાં ખુશીની લાગણી ફેલાઈ જવા પામી છે.

# ટંકારાના સરાયા ગામ નજીકથી બોલેરોમાં બિનહિસાબી ૧૬૩૦ કિલો એલ્યુમીનીયમ વાયર સાથે બે ઝડપાયા

## મોરબી ક્રાઇમ બ્રાંચે ૩.૨૬ લાખના વાયર સહીત કુલ ૭.૨૬ લાખનો મુદામાલ જપ્ત કર્યો





**મુખ્ય સમાચાર, ટંકારા**

મોરબી:ટંકારાના લતીપર રોડ ઉપર સરાયા ગામના બોર્ડ પાસેથી બોલેરો ગાડીમાંથી બિલ કે આધાર વગરના ૧૬૩૦ કિલો એલ્યુમીનયમના વાયરો જેની અંદાજિત કિ.રૂ. ૩.૨૬ લાખ સાથે બે શખ્સોને મોરબી ક્રાઇમ બ્રાંચ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે. ક્રાઇમ બ્રાંચ પોલીસે સીઆરપીસી કલમ હેઠળ શકમંદ મિલકત તરીકે બોલેરો તથા એલ્યુમીનીયમ વાયર સહીત કુલ રૂપિયા ૭.૨૬ લાખનો મુદામાલ કબ્જે કરી પકડાયેલ બંને આરોપી સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમના પો.હેડ.કોન્સ. ઇશ્વરભાઇ કલોતરા, ચંદુભાઇ કાણોતરાને ખાનગીરાહે હકિકત મળેલ કે, ટંકારા લતીપર રોડ સરાયા ગામના પાટીયા પાસે આવેલ સપનેશ્વર મહાદેવના મંદિર સામે રોડ ઉપર બોલેરો ગાડી નં. જીજે-૧૨-બીઝેડ-૬૫૩૮માં ગેરકાયદેસર રીતે બીલ આધાર વગરના એલ્યુમીનીયમના વાયરો ભરેલ છે. જે મળેલ બાતમીને આધારે સ્થળ ઉપર જઈ તપાસ કરતા બે ઇસમોને બોલેરો ગાડીમાં એલ્યુમીનીયમના વાયરો ભરેલ બોલેરો ગાડી સાથે હોય જેથી તેની પાસે બોલેરો ગાડીમાં ભરેલ મુદામાલ વિશે સઘન પૂછતાછ કરતા તેની પાસે કોઈ બિલ કે આધાર પુરાવા ન મળી આવતા પોલીસે આરોપી સિંકદર રહેમતુલ્લાભાઇ મોખા ઉવ-૩૦ રહે.ભુજ નવી રેલ્વે સ્ટેશનની બાજુમાં તા.જી.ભુજ(કચ્છ) તથા મુસ્તફા યુસુફભાઇ અહેમંદભાઇ વઢવાણવાળા ઉવ-૩૬ રહે.રાજકોટ ભગવતીપરા મુંફદર એપાર્ટમેન્ટ પહેલા માળે રૂમ ન.૧૦૧ ની અટકાયત કરી ચોરી કે છળકપટથી મેળવેલ શકમંદ મિલકત તરીકે CRPC કલમ ૧૦૨ મુજબ એલ્યુમીનીયમના વાયરો આશરે ૧૬૩૦ કિ.ગ્રા કિ.રૂ.૩,૨૬,૦૦૦/- તથા બોલેરો ગાડી કિ.રૂ.૪,૦૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૭,૨૬,૦૦૦/- નો મુદામાલ કબ્જે કરી બંને આરોપીઓ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદમાં બે યુવાનનું અપહરણ કરનાર ચાર આરોપીને ઝડપી લેતી હળવદ પોલીસ



**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ ટાઉનમાં આવેલ વિશ્વાસ આર્કેડ નજીકથી પૈસાની ઉઘરાણી બાબતે બે યુવકના અપહરણ કરી નાસી જનાર ચાર આરોપીને હળવદ પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે. અપહરણકર્તાએ બે યુવક પૈકી એકને ચુલી બસ સ્ટેન્ડ નજીક ઉતારી દઈ એકનું અપહરણ કરી ધ્રાંગધ્રા બાજુ નાસી ગયા હતા, જે યુવકને અપહરણકારો પાસેથી મુક્ત કરાવી ચારેય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર અપહરણની ટૂંક વિગત મુજબ તા.૦૨ જૂનના રોજ ફરીયાદી ધાર્મિકભાઈ દેવરાજભાઈ નકુમ તથા તેમના મિત્ર રવિભાઈ બાવનજીભાઈ સાકરીયા વિશ્વાસ આર્કેડ કોમ્પ્લેક્ષમાં આવેલ ધ હિન્દુ બ્રાંન્ડ નામની દુકાન સામે હાજર હતા. ત્યારે એક સફેદ કલર ની મારૂતી વેગનઆર કાર નંબર. જીજે-૧૩-એન-૪૬૨૨ મા ચાર માણસો ઉતરી આવી રવીભાઈ સાથે કોઈ બાકી પૈસાની વાતચીત કરી ગાળો આપી પોલીસ સ્ટેશન જવાનું બહાનું કરી રવીભાઈને તથા ધાર્મિકભાઈને કારમાં બેસાડી લઈ ગયા હતા ત્યારે ધાર્મિકભાઈને ચુલી ગામ બસ સ્ટેન્ડ પાસે ઉતારી દઈ રવીભાઈને ધ્રાંગધ્રા તરફ કારમાં લઈ જઈ અપહરણ કરી લઇ ગયાની હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ત્યારે ઉપરોક્ત અપહરણના બનાવ અનુસંધાને હળવદ પોલીસ મથકના પીઆઇ આર.ટી.વ્યાસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી આરોપીઓને તાત્કાલીક શોધી કાઢવા માર્ગદર્શન તેમજ ખાનગીરાહે બાતમીને આધારે અને ટેકનીકલ સોર્સ મારફતે અપહરણકર્તા આરોપીઓ મેહુલ ગોવિંદભાઇ પરમાર ઉવ.૧૯ રહે-એકેવાળીયા તા-લીંબડી જી-સુરેન્દ્રનગર, પૃથ્વીરાજ પ્રવિણભાઇ કંબોયા ઉવ.૧૯ રહે-સાંકળી તા-વઢવાણ જી-સુરેન્દ્રનગર, રોહનભાઇ વિનોદભાઇ પટેલ ઉવ.૨૧ રહે-ગામ-એકેવાળીયા તા-લીંબડી જી-સુરેન્દ્રનગર તથા દીપકભાઇ કરશનભાઇ રાઠોડ રહે-વાડલા તા-વઢવાણ જી-સુરેન્દ્રનગરને હળવદ પોલીસ સ્ટેશન ટીમે સુરેન્દ્રનગર ખાતે બસ સ્ટેશન પાસે જાહેરમાંથી પકડી લેવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી અપહરણના ગુનામાં ઉપયોગમાં લેવાયેલ વેગનઆર કાર જપ્ત કરી અપહૃત યુવકને મુક્ત કરાવ્યો હતો. આ સાથે હળવદ પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# જામનગર લાખાબાવળ રોડ પર ૧.૮૩ લાખનો દારૂ ઝડપાયો

## ૧.૮૩ લાખના દારૂ સહિત ૧૧ લાખની મત્તા કબજે



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની ભાગોળે ચાંપા બેરાજાથી લાખાબાવળ જતા માર્ગ પર પંચ બી પોલીસે બાતમીના આધારે જુદા જુદા બે વાહનમાંથી ઇંગ્લીશ દારૂની નાની મોટી ૧૨૧૨ બોટલ સાથે પોરબંદર અને ગીરસોમનાથના બે સહિત ચાર શખસોને પકડી પાડયા હતા.પોલીસે દારૂ સહિત રૂા.૧૧.૦૮ લાખનો મુદ્દામાલ કબજે કરી પકડાયેલા શખસોની સઘન પુછતાછ હાથ ધરી છે જામનગર ગ્રામ્ય નાયબ પોલીસ અધિક્ષક આર.બી. દેવધાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ સી.એમ. કાંટેલીયાના નેતૃત્વમાં પંચ બી પોલીસ ટુકડી પેટ્રોલિંગ કરી રહી હતી જે વેળા પોલીસને ચાંપા બેરાજાથી લાખાબાવળ જતા માર્ગ પર ઇંગ્લીશ દારૂની હેરાફેરી મામલે બાતમી મળી હતી.જે બાતમીના આધારે પોલીસ ટુકડીએ ત્વરીત ધસી જઇ એક થાર અને એક કારની તલાશી લેતા અંદરથી ઇંગ્લીશ દારૂની ૧૫૬ બોટલ ઉપરાંત દારૂના ૧૦૫૬ ચપલા મળી આવ્યા હતા.આથી પોલીસે ભવદિપ દિનેશભાઇ અપારનાથી(રે. કોડીનાર, જી.ગીર સોમનાથ), રામ વિક્રમભાઇ ઓડેદરા (રે. ખોજા બેરાજા, જામનગર), ધર્મેશ લાખાભાઇ ખુંટી (રે. ચેલા વાડી વિસ્તાર) ઉપરાંત રોહિત ભરતભાઇ છાસીયા (રે.ખાગ્રેશ્રી, પોરબંદર)ને પકડી પાડયા હતા.પોલીસે રૂા. ૧.૮૩ લાખથી વધુની કિંમતનો દારૂ અને બે વાહન ઉપરાંત ત્રણ મોબાઇલ સહિત રૂા.૧૧.૦૮ લાખથી વધુનો મુદામાલ કબજે કર્યો હતો.આ દારૂનો જથ્થો ક્યાંથી લવાયો છે? કોને આપવાનો હતો? અન્ય કોઇની સંડોવણી છેકે કેમ ? સહિતની બાબતનો તાગ મેળવવા માટે પકડાયેલા શખસોની સઘન પુછપરછ સાથે વધુ તપાસ હાથ ધરી છે

# જામનગરમાં સ્વામિનારાયણનગર પાછળ આવેલી નદી કચરાના ગંજ ખડકાયા




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં સ્વામિનારાયણનગર પાછળ આવેલી નદી કચરાથી ખદબદતી હોય અને કેરણના ઢગલાં પડયા હોય ચોમાસામાં આજુબાજુના વિસ્તારોમાં પાણી ભરાતા જળબંબાકારીની ભીતિ સેવાઇ રહી છે. બીજી બાજુ નદીની આ સ્થિતિથી મહાનગરપાલિકાની પ્રિ-મોન્સુન કામગીરી સામે સવાલ ઉઠયા છે.જામનગર શહેરમાં સ્વામિનારાયણનગર પાછળના વિસ્તારમાંથી પસાર થતી નદી કચરાથી ખદબદી રહી છે, અને નદીના પાણીને અવરોધાય તે રીતે માટી કેરળના ઢગલા જોવા મળી રહ્યા છે. પરિણામે આગામી ચોમાસામાં સિદ્ધેશ્વર સોસાયટી, ભીમવાસ, મધુવનમાં પાણી ભરાવવાની સમસ્યા ઊભી થશે. આથી પ્રશ્નનો સત્વરે ઉકેલ લાવવો જરૂરી છે. ચોમાસાની સીઝનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા હોય જો નદીની સફાઇ નહીં કરવામાં આવે તો પાણી ભરાવા સહિતની સમસ્યા ઉભી થવાની ભીતિ છે.

# જામનગર મહાનગરપાલિકાને એડવાન્સ ટેક્ષ વળતર યોજના ફળી: રૂપિયા ૨૬.૮૮ કરોડની આવક મળી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા મિલકત વેરા/પાણી ચાર્જમાં તા.૧૬-૪-૨૪ થી તા. ૩૧-૫-૨૦૨૪ સુધી ૧૦ થી ૨૫ ટકા સુધીનું રીબેટ/વળતર યોજના હેઠળ મિલકત વેરામાં ૪૦,૬૭૫ મિલકત ધારકોએ આ યોજનાનો લાભ મેળવી રકમ રૂ. ૨૬.૮૮ કરોડ ભરપાઈ કરેલ છે. અને રૂ. ૨.૨૩ કરોડ રીબેટ-વળતર તથા વોટર ચાર્જીસમાં ૧૮,૯૯૯ મિલકત ધારકોએ રૂ. ૩.૭૮ કરોડ ભરપાઈ કરેલ છે અને રૂ. ૩૮ કરોડ રીબેટ-વળતર મેળવેલ છે.વધુમાં ઉપરોકત રીબેટ યોજના દરમ્યાન કુલ - ૨૭,૧૭૮ મિલકત ધારકોએ ઓનલાઈન ટેકસ ભરીને ૨ ટકા વધી ડીસ્કાઉન્ટ (વધુમાં વધુ રકમ રૂ. ૨૫૦) અન્વયે રૂ. ૪૫, ૩૯,૬૫૨નું ડીસ્કાઉન્ટ મેળવેલ છે. સામાન્ય કરદાતાઓ (૧૦ ટકા રીબેટ) કરદાતા ૨૮૧૩૪ કરદાતાને રૂ. ૧૪૦૮૯૮૫નું વળતર સિનિયર સિટીઝન (૧૫ ટકા રીબેટ)માં ૧૨૦૩૪ કરદાતાને રૂ. ૮૫૭૭૧૭૩નું વળતર, શારિરીક ખોડખાપણ ધરાવતી વ્યક્તિઓ (૧૫ ટકા રીબેટ) ૭૬ કરદાતાને રૂ. ૪૬૧૬૯ નું વળતર, બીપીએલ કાર્ડ ધારક વિધવાઓ (૧૫ ટકા રીબેટ) ૧૦ કરદાતાને રૂ. ૨૯૭૬ નું વળતર, કન્યા છાત્રાલયને કરવેરામાં રાહત (૨૫ ટકા રીબેટ) ૬ કરદાતાને રૂ. ૧૦૨૦૮૮ નું વળતર, માજી સૈનિકોને કરવેરામાં રાહત (૨૫ ટકા રીબેટ) ૨૧ કરદાતાને રૂ. ૧૩૫૫૩નું વળતર, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહિદોની વિધવાઓને કરવેરામાં રાહત (૨૫ રીબેટ) એક કરદાતાને રૂ. ૩૫૫નું વળતર, અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ, અપંગ આશ્રમ, અને અંધાશ્રમને કરવેરામાં રીબેટ (૨૫ ટકા રીબેટ) ૧૦ કરદાતાને રૂ. ૧૪૯૨૯૩નું વળતર, સોલાર રૂફટોપ એનર્જી સિસ્ટમ (૫ ટકા રીબેટ) ૩૫૩ કરદાતાને રૂ. ૧૯૬૩૧૮નું વળતર.વધુમાં ઉપરોકત રીબેટ યોજના દરમ્યાન કુલ ૨૭૨૭૮ કરદાતાને રૂ. ૪૫,૩૯,૬૫૨ ઓનલાઈન ટેકસ ભરીને વળતર મેળવેલ છે.

# જામનગરમાં વધુ ૨ શાળા, ૧૧ કલાસીસ, ૧૩ હોસ્પિટલ, ૪ હોટલ સીલ કરાઈ

## ફાયર એનઓસી, વપરાશ પરવાનગી વગરના એકમો પર તવાઈ યથાવત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ફાયર એનઓસી, વપરાશ પરવાનથી વગરના એકમો પર મનપાની તવાઇ યથાવત રહી છે. શહેરમાં વધુ ૨ શાળા, ૧૧ કલાસીસ, ૧૩ હોસ્પિટલ અને ૪ હોટલ-રેસ્ટોરન્ટ સીલ કરવામાં આવ્યા છે. રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ બાદ જામનગરમાં મહાપાલિકા દ્વારા ફાયર એનઓસી અને વપરાશ પરવાનગી વગરના એકમો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જે અંતર્ગત મહેતા હોસ્પિટલ, ઉદાણી હોસ્પિટલ, ડો.કે.એમ.ફલીયા, સૈફી મેટરનીટી એન્ડ જનરલ હોસ્પિટલ, રંગુનવાલા હોસ્પિટલ, ડો.ધવલ માંકડ હોસ્પિટલ, ડો.રાજેશ ઝાલા હોસ્પિટલ, શ્રીજી ઇએનટી હોસ્પિટલ, સદભાવના હોસ્પિટલ, ઓમ ઓર્થોપેડીક હોસ્પિટલ, અક્ષર ચિલ્ડ્રન હોસ્પિટલ, શ્રીજી અને કેશવ હોસ્પિટલ પાર્ટલી સીલ કરવામાં આવી છે.

જ્યારે ધોકાઇ કલાસીસ, શ્રી એકેડમી, શાનદાર પ્લે હાઉસ, સંકલ્પ કલાસીસ, પ્રધાનમંત્રી કૌશલ કેન્દ્ર, વિકાસ ટયુશન કલાસીસ, રાધીકા ટયુશન કલાસીસ, જ્ઞાનદિપ સ્કૂલ, દિવ્યદ્રષ્ટિ કલાસીસ, સ્મીતા ભાટીયા કલાસીસ, સુપર ગ્રેવીટી કલાસીસ, યુનિવર્સલ કોમ્પ્યુટર કલાસીસ, કન્ટ્રી પીપલ પ્રિ-સ્કુલ, ગ્રીન બિન્સ હોટલ, રિધ્ધી સિધ્ધી ઢોસા વર્લ્ડ, દેશી માલધારી અને ગ્રીન એન્ડ રેડ લીફ રેસ્ટોરન્ટ સીલ કરાયું હતું.

# મોરબીના ન્યૂ પેલેસના ગેટ પાસેથી ૪૫ વર્ષીય આધેડનો મૃતદેહ મળ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેકે એલ.ઈ.કોલેજ રોડ ઉપર ન્યુ પેલેસના ગેટ પાસેથી ત્રાજપર ખારીમાં રહેતા ખેંગારભાઇ મંગાભાઇ વહેરા ઉવ.૪૫ મૃત હાલતમાં મળી આવતા તેની ડેડબોડી ૧૦૮ મારફત મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવવાના આવી હતી. ત્યારે બી ડિવિઝન પોલીસને જાણ કરતા પોલીસે મૃતદેહનું ઇન્કવેસ્ટ પંચનામું કરી પીએમ સહિતની કામગીરી માટે મૃતદેહને સોંપેલ છે. હાલ અકાળે મોતના આ બનાવની પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# જામનગરના સાત ખેલાડીની સૌરાષ્ટ્રની અન્ડર-૧૯ના સિલેક્શન કેમ્પ માટે પસંદગી



કેરવ રાવલ, જય રાવલીયા, પ્રિયાંશ મંગે, મીત તાલા, નિસર્ગ કાસુંદ્રા, વિશ્વરાજ જાડેજા, મહિપત મકવાણા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સાત ખેલાડીની સૌરાષ્ટ્રની અન્ડર-૧૯ના સિલેક્શન કેમ્પ માટે પસંદગી સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો. દ્વારા આયોજિત અન્ડર-૧૯ ઈન્ટર ડિસ્ટ્રીકટ ટુર્નામેન્ટમાં જામનગરના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ ખેલ પ્રદર્શન કર્યો હતો. જામનગરના સાત ખેલાડીઓ કેરવ રાવલ, જય રાવલીયા, પ્રિયાંશ મંગે, મીત તાલા, નિસર્ગ કાસુન્દ્રા, વિશ્વરાજ જાડેજા તથા મહિપત મકવાણાની સૌરાષ્ટ્રની અન્ડર-૧૯ ક્રિકેટ ટીમના સિલેક્શન કેમ્પમાં પસંદગી થઈ છે. આ ખેલાડીઓ જામનગરના ક્રિકેટ બંગલાના મેદાન પર કોચ મહેન્દ્રસિંહ ચૌહાણ પાસે તાલીમ મેળવી રહ્યા છે.

# ચાપરડાના બ્રહ્માનંદ વિદ્યાધામમાં એવોર્ડ વિજેતા ગુરુજનોની બે દિવસીય શિબિર યોજાઈ, ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકન અંગે માર્ગદર્શન અપાયું




**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢના વિસાવદરના ચાપરડા બ્રહ્માનંદ વિદ્યાધામ ખાતે બે દિવસની ચિંતન શિબિર યોજાઈ હતી. જેમાં જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાના એવોર્ડ મેળવેલ શિક્ષકોને નિમંત્રિત કરવામાં આવ્યા હતા. આ તમામ શિક્ષકોને સાંદિપની, ચિત્રકૂટ તેમજ રાજ્યકક્ષા અને રાષ્ટ્રકક્ષાએ એવોર્ડ મેળવેલ છે.

જે શિબિરના મુખ્ય વિષય માતૃભાષાને બચાવવા અને તેનો સંવર્ધન કરવા માટે હવે શું કરવું જોઈએ ? સાથે સાથે બીજો વિષય હતો ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકન માટે શું શું કરી શકાય ? આ બંને વિષયોના માર્ગદર્શન માટે વિદ્યાગુરુ અને સમર્થ સાહિત્યકાર રતિલાલ બોરીસાગર તેમજ લોકભારતી સણોસરા યુનિવર્સિટીના નિયામક અરુણભાઈ દવે ઉત્તમ માર્ગદર્શન આપેલ હતું. જેમાં તેણે જણાવ્યું હતું કે બાળકની બોલી એ જ માતૃભાષા. આ બાબતનો આપણા બધા દ્વારા સ્વીકાર થવો જોઈએ. તેનું સંવર્ધન વિદ્યાર્થી અવસ્થામાં થાય અને તેને માન્ય ભાષા તરફ વાળવા જોઈએ. અરૂણભાઇ દવે ૩૬૦ ડીગ્રી મૂલ્યાંકન માટે હૃદયસ્પર્શી ઉદાહરણો આપ્યા અને સમજાવ્યું કે વિદ્યાર્થીનું અખંડ મૂલ્યાંકન કરવું એ જ ૩૬૦ ડિગ્રીનું મૂલ્યાંકન. આ એક જટિલ પ્રક્રિયા છે, જો આ આપણે કરી શકીએ તો વિદ્યાર્થીનો વિકાસ એક ઉત્તમ માનવ તરીકેના નિર્માણમાં થઈ શકે છે. માર્કસ આધારિત મૂલ્યાંકનનું પછી બહુ મહત્વ રહેતું નથી. આવું કરવાથી વિદ્યાર્થીની આત્મહત્યા અટકાવી શકાશે.વિકસિત દેશોમાં આ પ્રકારનું મૂલ્યાંકન અમલમાં છે જે આપણે પણ સ્વીકારવું જોઈએ.

જાણીતા શિક્ષણવિદ ગિજુભાઈ ભરાડ સાહેબે જણાવ્યું હતું કે માતૃભાષાને બચાવવા સૌ પ્રથમ શિક્ષકોને સજ્જ કરવા પડશે. શિક્ષકો જ આ સુધારણા કરી શકશે. સજ્જતા માટે તજજ્ઞ શોધવા પડશે તેને તાલીમ આપવી પડશે તો જ માતૃભાષાને બચાવી શકીશું અને તેનું સંવર્ધન કરી શકીશું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ગીજુભાઈ બધેકા ચેર પર્સન ટી એસ જોષીએ ડોક્ટર અભય બંગની મારી જાદુઈ શાળા વિશે સમજાવ્યું અને ૩૬૦ ડીગ્રી મૂલ્યાંકન માટે ગુરુજીઓને માર્ગદર્શન આપ્યું હતું.આ ઉપરાંત માતૃભાષા પ્રેમી એલ.વી.જોષીએ માતૃભાષા ચિંતન માટે ગુરુજીઓએ આપેલ મુદ્દાઓનું સંકલન કરી તેને રજૂ કર્યા હતા. આ મુદ્દાઓ પરથી એક ઠરાવ થશે અને તેને સરકારશ્રીમાં રજૂ કરવા માટે એક મુસદો તૈયાર થશે તેની જાહેરાત કરેલી હતી.જુનાગઢ શહેરની કન્યાશાળા નંબર ૪ પ્રાથમિક શાળાના આચાર્ય તરૂણભાઈ કાટબામણા દ્વારા તેમની શાળાના પ્રતિભાશાળી અને જુદી જુદી સ્કીલ ધરાવતા વિદ્યાર્થીઓને અપાતા એવોર્ડની વાત મુકાઈ હતી.

પૂજ્ય બાપુએ પોતાના આશીર્વચન આપતા જણાવ્યું હતું કે માતૃભાષાને બચાવવા માટે આ છેલ્લી ટ્રેન છે. બધા ગુરુજીઓને આ ટ્રેનમાં બેસી જવું જોઈએ. તેના માટે બધાએ વારંવાર મળવું જોઈએ. આવી ચિંતન શિબીરો માટે આ ધામ તમારા સૌ માટે હંમેશા ખુલ્લું છે.

# રાજકોટ લોકસભા બેઠકની મતગણતરી શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન

## ત્રિલેયર સઘન સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મતગણતરીનો પ્રારંભ કરાયોઃ જિલ્લા ચૂંટણી કમિશનર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ કમિશનરની હાજરી





(તસ્વીરઃ આનંદ જાવિયા)





રાજકોટમાં કણકોટ સરકારી એન્જિનિયરિંગ કોલેજ ખાતે ઉમેદવારો, પ્રતિનિધિઓ, કેન્દ્રીય ચૂંટણી નિરીક્ષકોની હાજરીમાં સ્ટ્રોંગરૂમના સીલ ખોલાયા હતા. જે પછી બેલેટ પેપરથી મતગણતરીનો પ્રારંભ થયો હતો. ઉલ્લેખનીય છેકે, રાજકોટ બેઠક પર ભાજપના દિગ્ગજ નેતા પરસોત્તમ રૂપાલા અને ઈન્ડિયા ગઠબંધન કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી વચ્ચે સીધો જંગ છે. લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત કણકોટ સરકારી એન્જિનિયરિંગ કોલેજ ખાતે ૧૦–રાજકોટ સંસદીય બેઠક માટે કેન્દ્રીય અર્ધ લશ્કરી દળો, પોલીસના સઘન સુરક્ષા બંદોબસ્ત હેઠળ જિલ્લા ચૂંટણી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ, કેન્દ્રીય ચૂંટણી નિરીક્ષકો, ઉમેદવારો વગેરેની હાજરીમાં જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી, પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી એન.કે.મુછાર, અધિક નિવાસી કલેક્ટર ચેતન ગાંધી, ઉપરાંત કેન્દ્રીય નિરીક્ષકો સર્વે ડો. પ્રૃથ્વીરાજ (આઈ.એ.એસ.) અને નરહરીસિંઘ બાંગર (આઈ.એ.એસ.) પોલીસ ઓબ્ઝર્વરશ્રી તરીકે ચંદનકુમાર ઝા (આઈ.પી.એસ.) તથા ઉમેદવારોની હાજરીમાં સ્ટ્રોંગ રૂમના સીલ ખોલવામાં આવ્યા હતા.

## મેહુલનગરમાં બિમારીથી કંટાળી કરિયાણાના વેપારીનો આપઘાતઃ અરેરાટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કોઠારિયા રોડ પર મેહુલનગરમાં રહેતા અને કરિયાણાની દુકાન ચલાવતા વૃદ્ધે પગની પીડા સહન નહિ થતા ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગેની માહિતી મુજબ કોઠારિયા રોડ પર મેહુલનગરમાં રહેતા ધનેશ્વરભાઈ અંબાશંકરભાઈ ભટ્ટ (ઉ.૬૦)એ પોતાના ઘેર છતના એંગલમાં સાડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ભક્તિનગર પોલીસ મથક ના પીએસઆઇ ગોહિલ તથા ઘનશ્યામભાઇ સહિતના સ્ટાફે તપાસ કરતા મૃતક વૃદ્ધ તેના ઘર પાસે કરિયાણાની–દુકાન ચલાવતા હોવાનું અને તેને સંતાનમાં ત્રણ પુત્રી અને એક પુત્ર હોવાનું જેમાં પુત્રીના લગ્ન થઇ ગયા હોય સાસરે છે. જ્યારે એકના એક પુત્રનું કેન્સરની બીમારીથી અવસાન થયું હતું. પોલીસની વધુ તપાસમાં વૃદ્ધને કેટલાક સમયથી બીમારી હોય જેમા પગની પીડા વધુ થતી હોય અને સારવાર ચાલુ હોવા છતાં સારું થતું ન હોય બીમારીથી કંટાળી આ પગલું ભરી લીધાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી હતી.

## જીવંતિકાનગરમાં કુટણખાનુ ચલાવતી સંચાલિકાની ધરપકડ

### ગાંધીગ્રામ પોલીસે ત્રણ મહિનામાં બીજીવાર દરોડો પાડી મહિલાને ઝડપી લીધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના જીવંતીકાનગરમાં મહિલા દેહ વ્યાપાર કરાવતી હોવાની સચોટ બાતમી આધારે ગાંધીગ્રામ પોલીસે ડમી ગ્રાહક મોકલી દરોડો પાડી મહિલાની ધરપકડ કરી છે તે ગ્રાહક દીઠ ૧૫૦૦ રૂપિયા લઈ રૂપલલનાને ૫૦૦ રૂપિયા આપતી હોવાનું અને ૩ માસ અગાઉ પણ પોલીસે આ મહીલાની ધરપકડ કરી હોવાનુ જાણવા મળતા ઈમોરલ એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ બી બી જાડેજા અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન સ્ટાને બાતમી મળી હતી કે જીવંતીકાનગરમાં રહેતી મહિલા પોતાના ઘરમાં બહારથી યુવતીઓને બોલાવી દેહ વ્યાપાર કરાવે છે આ બાતમી આધારે પોલીસે છટકું ગોઠવી ડમી ગ્રાહક મોકલ્યો હતો તેણે પોલીસને મિસકોલ કરી સૂચના આપતા પોલીસે દરોડો પાડયો હતો મહિલાનું નામ પૂછતાં દિપાબેન અનિલભાઈ ચૌહાણ હોવાનું જાણવા મળતા તેને અટકાયતમાં લઈ રૂમની જડતી લેતા એક મહિલા ડમી ગ્રાહક સાથે કઢંગી હાલતમાં મળી આવી હતી તેનું નામઠામ પૂછતાં પોતે પશ્ચિમ બંગાળની હોવાનું અને ગ્રાહક દીઠ ૧૫૦૦ રૂપિયા લઈ દિપાબેન ૧૦૦૦ રાખતા હોવાનું અને પોતાને ૫૦૦ આપતા હોવાની કબૂલાત આપતા પોલીસે ગુનો નોંધી રૂપલલનાને સાક્ષી બનાવી દેહ વ્યાપાર કરાવતી દિપાબેન ચૌહાણની ધરપકડ કરી તપાસહાથ ધરી છે.

## તાલુકા પોલીસ મથકના પૂર્વ પીઆઈ વણઝારા અને ધોળાને રાજકોટ ન છોડવા હુકમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટનામાં પોલીસ દ્વારા ગુપ્ત રાહે તપાસ ચાલી રહી છે તપાસ દરમિયાન તાલુકા પોલીસ મથકના બે તત્કાલીન પીઆઈને પણ ગુરૂવારે તપાસના કામે ગાંધીનગરથી રાજકોટ લાવવામાં આવ્યા હતા તે બંનેની ૨૪ કલાક પુછતાછ કરવામાં આવી હતી તે પછી પણ તપાસ ચાલુ હોય બંનેને રાજકોટ ન છોડવા આદેશ કરવામાં આવ્યો છે તેમજ બંને પોલીસ તપાસમાં પણ સહકાર આપતા હોવાનું ડીસીપી ક્રાઈમએ જણાવ્યું હતું.

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટનામાં ૨૭ નિર્દોષ લોકોના કરૂણ મોત નીપજ્યા છે આ ઘટનામાં રાજકોટ પોલીસ કમિશ્નર દ્વારા સીટની રચના કરવામાં આવી હતી જેમાં અત્યાર સુધીમાં ગેમઝોનના ૫ ભાગીદાર–સંચાલકો અને મનપાના પૂર્વ ટીપીઓ સહીત ૪ મળી કુલ ૯ આરોપીની ધરપકડ કરવામાં આવી છે કેસ સંદર્ભે ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિહ ગોહિલએ જણાવ્યું હતું કે અગાઉ તાલુકા પોલીસ મથકમાં ફરજ બજાવી ચૂકેલા પીઆઈ વી એસ વણઝારા અને જે વી ધોળાને ગાંધીનગરથી રાજકોટ લાવ્યા બાદ બંનેના નિવેદન નોંધવામાં આવ્યા હતા તે બંનેની ૨૪ કલાક પૂછપરછ કરવામાં આવી હતી તે પછી પણ બંનેને તપાસના કામે રાજકોટમાં જ રહેવા હુકમ કરવામાં આવ્યો છે અને તપાસ અર્થે જરૂર જણાય ત્યારે બોલાવવામાં આવી રહ્યા છે તે બંને તપાસમાં સહકાર આપતા હોવાનું તેમજ કબજે કરાયેલા દસ્તાવેજોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવી રહ્યો હોવાનું પણ ગોહિલે જણાવ્યું છે.

## જામનગરમાં શ્યામનગરનાં રહેણાંક મકાનમાંથી ૮૦ નંગ બિયરના ટીન પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ગોકુલનગર નજીક શ્યામનગર વિસ્તારમાં એલ.સી.બી. ની ટુકડીએ એક મકાન પર દરોડો પાડી ૮૦ નંગ બિયરનો જથ્થો પકડી પાડ્યો છે, અને એક આરોપીની અટકાયત કરી છે.જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે ગોકુલનગર નજીક શ્યામનગર શેરી નંબર પાંચ માં રહેતા દિવ્યરાજસિંહ વનરાજસિંહ જાડેજાના રહેણાંક મકાનમાં બિયરનો જથ્થો ઉતારવામાં આવ્યો છે, જે બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડ્યો હતો, તે દરોડા



દરમિયાન મકાનમાંથી ૮૦ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા.પોલીસે રૂપિયા ૮,૦૦૦ ની કિંમત ના બિયરના ટીનનો જથ્થો અને મોબાઈલ ફોન વગેરે સહિત રૂપિયા ૨૮,૦૦૦ ની માલમત્તા કબજે કરી લીધી છે, અને આરોપી દિવ્યરાજસિંહ વનરાજસિંહ જાડેજા ની અટકાયત કરી લઈ તેની સામે દારૂબંધી ભંગ બદલ ગુનો નોંધ્યો છે.

## જાણીતી હોટલનો કર્મચારી સિવિલ હોસ્પિટલમાં દારૂ સાથે ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના લીમડા ચોકમાં આવેલી અડીંગો હોટેલનો કર્મચારી સિવિલ હોસ્પીટલમાંથી દેશી દારૂની કોથળીના જથ્થા સાથે સિક્યોરીટી અને પોલીસે ઝડોપી લીધો છે. આરોપી પીવા માટે લાવ્યો હોવાનું અને પોતે પણ પીધેલી હાલતમાં હોવાનું જાણવા મળ્યું હતું. બનાવની વધુ વિગતો અનુસાર કાલાવડ રોડ કોટેચા ચોક પાસે પ્રતિષ્ઠા ભિલ્ડીંગમાં રહેતા નરેશ ખત્રી રાણા (નેપાળી) (ઉ.૩૮) સવો સિવિલ હોસ્પીટલમાંથી લથડીયા ખાતો જતો હતો



ત્યારે ત્યાંના સિક્યોરીટીમેન એ.ડી. જાડેજા અને જનકસિંહ રાણા અને પ્ર.નગર પોલીસ મથકના જપેન્દ્રસિંહ પરમાર સહીતના સ્ટાહે નરેશની પુછપરછ કરતા તે પીધેલી હાલતમાં હોવાનું જાણવા મળ્યું હતું. તેની પાસેથી મળેલી થેલી જોતા તેમાંથી ૧૦ જેટલી દેશી દરૂની કોથળી મળી આવી હતી. આરોપીને પોલીસ મથકે લઈ જવાના જણાવ્યું હતુંકે પોતે લીમડા ચોકમાં આવેલી અડીંગો હોટેલમાં નોકરી કરે છે અને પીવા માટે દેશી દારૂ લઇ આવ્યો હોવાનું જણાવ્યું હતું.

## જૂનાગઢમાં દલિત યુવાનનું અપહરણ કરી ઢોર માર મારવાના બનાવમાં ત્રણ શખ્સોની ધરપકડ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

ગોંડલના ૧૦ શખ્સો વિરૂદ્ધના એટ્રોસિટી, હત્યાની કોશિષ સહિતના કેસમાં જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચે ૩ શખ્સોની ધરપકડ કરી વધુ પૂછતાછ હાથ ધરી કાર અને એક મોબાઈલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢના કોરીયોગ્રાફર સંજય ઉર્ફે ચંદુ રાજુભાઈ સોલંકી નામના યુવકને સામાન્ય બાબતમાં ગોંડલ ખાતે ઉઠાવી જઈ અપહરણ કરી કપડાં ઉતરાવી બેફામ માર મારી વિડીયો ઉતારી જ્ઞાતિ પ્રત્યે હડધુત ફરિયાદ નોંધાઈ હતી આ ફરિયાદ આધારે ૧૦ શખ્સો સામે હત્યાની કોશિશ, એટ્રોસિટી એક્ટ




સહિતની કલમ મુજબ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો આરોપીઓને ઝડપી લેવા માટે જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સૂચના અન્વયે પોલીસની જુદી જુદી ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી દરમિયાન જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ જે. જે. પટેલ અને તેમની ટીમે ૩ શખ્સોની

ધરપકડ કરી એક કાર અને મોબાઈલ કબજે લઈ અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે પોલીસે જસદણના અતુલ પ્રેમસાગર કઠેરીયા, ફેજલ ઉર્ફે પાવલી હુશેનભાઈ પરમાર અને ઇકબાલ હારુનભાઈ ગોગદાની ધરપકડ કરી છે અતુલ બે ગુનામાં, ફેજલ ૧૧ ગુનામાં અને ઇકબાલ એક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યા છે.

## અગ્નિકાંડ બાદ ગેમઝોનમાં કામ કરતા ૧૫ કર્મચારીઓના ક્રોસ વેરિફિકેશન માટે ફરી નિવેદન લેવાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાં ૨૭ નિર્દોષ લોકોના કરૂણ મોત નીપજયાની ઘટનામાં પૂર્વ ટીપીઓ સહિત ૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે આ કેસની તપાસ સીટ દ્વારા ગુપ્તરાહે કરવામાં આવી રહી છે ત્યારે આરોપીઓના નિવેદન સામે ક્રોસ વેરીફીકેશન કરવા અર્થે અગાઉ ગેમઝોનના ૧૫ જેટલા કર્મચારીઓના નિવેદન નોંધ્યા હોય ફરી આ તમામને બોલાવી ફેર નિવેદન નોંધવાની કામગીરી કરવામાં આવી રહી છે તમામની ડીસીબી પોલીસ મથકમાં જ પૂછપરછ કરવામાં આવી રહી છે.

રાજકોટ ગેમઝોન દુર્ઘટનામાં ૨૭ લોકોના મોતના જવાબદાર ૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે જેમાં સંચાલકો–ભાગીદારો યુવરાજસિહ હરીસીહ સોલંકી, રાહુલ રાઠોડ, નીતિન જૈન, ધવલ ભરતભાઈ ઠક્કર, કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, પૂર્વ ટીપીઓ મનસુખ ધનજીભાઈ સાગઠીયા, પૂર્વ એટીપીઓ ગૌતમ દેવશંકરભાઈ જોષી, પૂર્વ એટીપીઓ મુકેશ રામજીભાઈ મકવાણા અને ફાયર સ્ટેશન ઓફિસર રોહિત આસમલભાઈ વિગોરાનો સમાવેશ થાય છે પકડાયેલ તમામ આરોપીઓ હાલ પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ પર છે દરમિયાન આ દુર્ઘટના બાદ તપાસ ક્રાઈમ બ્રાંચને સોપવામાં આવી હતી અને સીટની રચના કરવામાં આવી હતી સીટ દ્વારા દુર્ઘટના બન્યા બાદ ગેમઝોનમાં દુર્ઘટના સમયે કામ કરતા ૧૫ જેટલા કર્મચારીઓને ડીસીબી પોલીસ સ્ટેશને લાવી તમામના નિવેદન નોંધવામાં આવ્યા હતા તે પછી ડીસીબી પોલીસ મથકમાં જ પકડાયેલ ૯ આરોપીઓની ઊંડાણપૂર્વક પુછતાછ કરવામાં આવી રહી છે એકપણ આરોપીને બહાર તપાસ અર્થે લઇ જવામાં નહી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે દરમિયાન હવે આરોપીઓએ આપેલી કબૂલાત અંગે ક્રોસ વેરીફીકિશન કરવા માટે અગાઉ જે ગેમઝોનના કર્મચારીઓના નિવેદનનોંધવામાં આવ્યા હતા તે તમામને ફરી પોલીસ સ્ટેશને બોલાવી ફેર નિવેદન સીટ દ્વારા નોંધવામાં આવ્યા છે સમગ્ર દુર્ઘટના કાંડમાં હજુ જગ્યાના માલિક એવા અશોક સહ જગદીશસિંહ જાડેજાની ધરપકડ કરવાની બાકી હોય પોલીસ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જસદણ પંથકમાં પિતા વિહોણી સગીરાનું કૌટુંબિક ભાઈએ ૧૦ મહિના શારીરિક શોષણ કર્યુ

## લગ્નની લાલચ આપી સગીરાને ભગાડી જતા મામલો પોલીસ મથકે પહોંચ્યોઃ આરોપીની અટકાયત

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણ પંથકની ૧૩ વર્ષની સગીરા પર કૌટુંબિક ભાઈએ દુષ્કર્મ આચર્યાંની ઘટના સામે આવતા ખળભળાટ મચી ગયો છે. આ દુષ્કર્મના બનાવમાં જસદણ પોલીસે ફુલઝર ગામના આરોપીની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવમાં આરોપી પિતા વિહોણી દીકરીના દાદા અને ભાઈને મારી નાખવાની ધમકી આપી છેલ્લા ૧૦ મહિનાથી હવસ સંતોષતો હતો. બાદમાં આરોપી લગ્નની લાલચે ભોગ બનનારને ભગાડી જતા સમગ્ર મામલો સામે આવ્યો હતો.

૧૩ વર્ષની સગીરા ઘરેથી ક્યાંક ગુમ થઈ જતા પરિવાર તેની શોધખોળમાં લાગ્યો હતો. તે દરમિયાન સગીરા મળી આવતા તેનો કૌટુંબિક ભાઈ જ લગ્નની લાલચ આપી ભગાડી ગયો હોવાનો ખુલાસો થયો હતો. બાદમાં સગીરાની માતાએ સગીરાને હકીકત પૂછતા સગીરાએ પોતાની આપવીતી જણાવી હતી. જે મુજબ આરોપીના પિતા અને સગીરાના માતા બન્ને મામા-ફૈઈના ભાઈ-બહેન થાય છે. એ સંબંધે આરોપી સગીરાનો કૌટુંબિક ભાઈ થાય છે. સગીરા ૬ બહેન અને એક ભાઈમાં વચેટની છે અને તેના પિતા હયાત નથી. જેથી સગીરા તેના દાદા, માતા અને પોતાના ભાઈ-બહેન સાથે રહે છે. દરમિયાન આરોપી કૌટુંબિક સગો હોવાથી અવારનવાર સગીરાના ઘરે આવતો જતો હતો. તે દરમિયાન તેણે સગીરા પર નજર બગાડી હતી અને ૧૦ માસ પહેલા આરોપી સગીરાના ઘરે ગયો હતો. ત્યારે સગીરાની એકલતાનો લાભ લઈ તેણી સાથે શરીર સંબંધ બાંધેલ હતો. આ અંગે કોઈને કહીશ તો તારા દાદા અને ભાઈને જાનથી મારી નાખીશ તેવી આરોપીએ ધમકી આપેલી. જેથી ડરી ગયેલી સગીરાએ આ અંગે કોઈને વાત કરી નહોતી એટલે આરોપી અવારનવાર આવી સગીરાના દેહને અભડાવતો હતો. બાદમાં સગીરાને પ્રેમ જાળમાં ફસાવી, લગ્ન કરવાની લાલચે ભગાડી ગયો હતો. સગીરાને ભગાડી ગયા પછી પણ જુદી-જુદી જગ્યાએ હવસ સંતોષી હોવાનું જાણવા મળે છે. બાદમાં બન્ને મળી આવતા પરિવારજનોએ કૌટુંબિક સગાઓને બોલાવી આ બનાવમાં ફરિયાદ નોંધવાનું નક્કી કર્યું હતું. જેથી સગીરાની માતાએ ફરિયાદ આપતા જસદણ પીઆઈ તપન બી. જાનીએ ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

# ઠેબચડાના ચકચારી ગરાસીયા પ્રૌઢની હત્યાના કેસમાં મુખ્ય આરોપીની જામીન અરજી નામંજુર

## જમીનના વિવાદમાં પોલીસની હાજરીમાં કોળી જુથના ૨૧ શખ્સોએ હુમલો કરી પ્રૌઢની હત્યા કરી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભાવનગર રોડ પર આવેલા ઠેબચડા ગામે ગત પોલીસની હાજરીમાં મરણજનારની પોતાની જ વાડીમાં કોળી જુથ દ્વારા તિક્ષ્ણ હથિયાર વડે કરવામાં આવેલ હુમલામાં લગધીરસિંહ નવુભા જાડેજા નામના ૫૭ વર્ષના ગરાસિયા પ્રૌઢનું મોત નિપજતા બનાવ હત્યામાં પલ્ટાયો હતો જ્યારે અન્ય ૨ લોકો ઘવાતા સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવમાં આજીડેમ પોલીસ સ્ટેશનના સ્ટાફે હરેન્દ્રસિંહ જાડેજાની ફરિયાદ પરથી છગન બીજલભાઈ રાઠોડ, મગન બીજલભાઈ રાઠોડ, મહેશ છગનભાઈ રાઠોડ, ખોડા છગનભાઈ રાઠોડ, સંજય મગનભાઈ રાઠોડ, લક્ષ્મણ લાલજીભાઈ રાઠોડ, લાભુબેન છગનભાઈ રાઠોડ, દેવુબેન મગનભાઈ રાઠોડ, દક્ષાબેન લક્ષ્મણભાઈ રાઠોડ, કાન્તાબેન રમેશભાઈ રાઠોડ, કલ્પેશ ભીખુભાઈ સોલંકી, સંજય ભીખુભાઈ સોલંકી, નાથા જેરામભાઈ, ખીમજી





નાથાભાઈ, ભૂપત નાથાભાઈ, રોનક નાથાભાઈ, પોપટ વશરામભાઈ, કેશુબેન વશરામભાઈ, ચના વશરામભાઈ અને સામજી બચુભાઈ સહિત કુલ ૨૧ શખ્સો સામે ગુન્હો નોંધાયેલ અને આરોપીઓની ધરપકડ કરી હતી.

ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ગરાસિયા પરિવાર અને કોળી પરિવાર વચ્ચે જમીન મામલે વિવાદ ચાલતો હતો. જે મામલે ગરાસિયા પરિવારને પોલીસ પ્રોટેક્શન સાથે જમીનનો કબ્જો સોપવા કોર્ટમાથી હુકમ થયેલો, જે બાદ તારીખ:૨૯/૦૧/૨૦૨૦ના રોજ પોલીસ સાથે રાખી જમીનનો કબ્જો લેવા ગયા ત્યારે કોળી જુથ દ્વારા હુમલો કરાતા લગધિરસિંહ નવુભા જાડેજા નામના પ્રોઢનું મોત નીપજયું હતું પોલીસે આરોપીઓને સમજાવેલ છતાં નહીં સમજતા વાતાવરણ તંગ જણાતા પોલીસે વધારાનો સ્ટાફ બોલાવેલ અને કોઈઅનિચ્છનીય બનાવ ન બને તેવા પ્રયત્ન કરતાં ત્યારે કોળી જુથ દ્વારા પોલીસની હાજરીમાં બનાવ બન્યો હતો.

આ ગુન્હામાં આરોપી છગન બીજલભાઈ રાઠોડ નામના શખ્સે રાજકોટ સેશન્સ કોર્ટમાં પોતાના વકીલ મારફત જામીન અરજી કરી હતી જેમાં બને પક્ષોની રજૂઆત બાદ સરકાર તરફે સ્પે.પી.પી અનિલભાઈ દેસાઈ અને મૂળ ફરિયાદીના એડવોકેટ રૂપરાજસિંહ પરમાર દ્વારા લેખિત તથા મૌખીક દલીલ કરતાં જામીન અરજીના વિરોધમાં જણાવવામાં આવેલ કે હાલના આરોપીએ ગુનાહિત કાવતરાના ભાગરૂપે ખેતરમાં અગાઉથી જ છુપાવી રાખેલ તલવાર વડે લગધીરસિંહને મરણતોલ ગંભીર ઈજા પહોંચાડી જ્યારે અન્ય આરોપીએ કુહાડી, ધારિયા વડે લગધીરસિંહ ઉપર હુમલો કરી હત્યા કરી સક્રિય ભાગ ભજવેલ હોય જેથી આરોપી છગન બીજલભાઈ રાઠોડની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરી હતી અને નામ.હાઈકોર્ટમાં અન્ય આરોપીની જામીનઅરજી પેન્ડિંગ હોય તે પણ હાલની જામીન અરજીમાં દર્શાવેલ નથી તેવી રજૂઆતો કરી હતી જે તમામ દલીલો ધ્યાને લઈ રાજકોટના અધિક સેશન્સ જજ એસ.વી.શર્મા સાહેબએ આરોપી છગન બીજલભાઈ રાઠોડની જામીન અરજી નામંજૂર કરેલ છે.

આ કામમાં સરકારપક્ષે સ્પે.પી.પી. અનિલભાઈ દેસાઈ અને મૂળ ફરિયાદી હરેન્દ્રસિંહ જાડેજા વતી એડવોકેટ તરીકે રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, શક્તિભાઈ ગઢવી, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, અંકિતભાઈ ભટ્ટ અને દિપકભાઈ ભાટીયા રોકાયા હતા.

# અગ્નિકાંડ મામલે મનપાના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસરની કચેરીમાં ડીસીપી ક્રાઈમનું સર્ચ ઓપરેશન

## ઠેબાની ત્રણ દિવસથી સઘન પૂછપરછઃ તપાસના અંતે ધરપકડ કરવા તજવીજ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ઝઝઝ અગ્નિકાંડ મામલે મહાનગરપાલિકાના અધિકારી સામે વધુ કાર્યવાહી થાય તેવી પુરી શક્યતા સેવાઈ રહી છે. છેલ્લા ૩ દિવસ કરતા વધુ સમયથી રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખા ઠેબાની પૂછપરછ કરવામાં આવી રહી છે અને ડીસીપી ક્રાઈમ સહીત ટીમ દ્વારા મનપા કચેરી સ્થિત ભીખા ઠેબાની ઓફિસ ખાતે તપાસ શરૂ કરવામાં આવી છે. અને તપાસના અંતે ભીખા ઠેબા સામે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પુરી શક્યતા સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, આ જ ભીખા ઠેબા સામે રાજ્યસભાના સાંસદ રામ મોકરિયા લાંચનો આક્ષેપ લગાવી ચુક્યા છે અને એસીબી દ્વારા પણ ત્રણ દિવસ પૂર્વે આ જ ઓફિસ ખાતે તપાસ કરવામાં આવી હતી.





રાજકોટના TRP ગેમ ઝોન ડેથઝોન બની ગયો અને ૨૭ લોકોના મૃત્યુ થયા જેની પાછળ જવાબદાર તંત્ર હોવાનું સામે આવ્યું છે. કારણ કે, આ ડેથઝોન ગેરકાયદે રીતે ઉભો હતો અને તેમાં કોઈપણ પ્રકરની સેફ્ટી કે નિયમોનું પાલન કરવામાં આવતું ન હતું. પોલીસે આ બનાવ પછી ફરિયાદ નોંધી ગેમ ઝોનના સંચાલકો અને મેનેજર તેમજ મનપાના ચાર અધિકારીઓની ધરપકડ કરી નિવેદન નોંધી અલગ અલગ દિશામાં તપાસ તેમજ પૂછપરછ હાથ ધરી રહી છે. જેમાં આગ લાગવાની દુર્ઘટનામાં ફાયર ઓફિસર સાથે મનપાના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખા ઠેબા જવાબદાર છે કે કેમ તે અંગે છેલ્લા ૩ દિવસથી પૂછપરછ કરવામાં આવી રહી છે. આજે રાત્રીના ૮.૩૦ વાગ્યે રાજકોટ ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ તેમજ ક્રાઈમ બ્રાન્ચની ટીમ તેમજ જઈઝમાં જોડાયેલા અધિકારીઓ મનપાના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખા ઠેબાને સાથે રાખી તેમની ઓફિસ ખાતે પહોંચી હતી.

આ ઓફિસમાં પોલીસ દ્વારા સર્ચ કરવામાં આવી રહ્યું છે. અને આ જ ઓફિસમાં ૩ દિવસ પૂર્વે રાત્રિના સમયે એસીબી દ્વારા પણ સર્ચ કરવામાં આવ્યું હતું. ત્યારે તપાસ તેમજ પૂછપરછ અંતે શું સામે આવશે તે જોવું મહત્વનું રહેશે, પરંતુ હાલ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પૂછપરછ બાદ ભીખા ઠેબા સામે ધરપકડ કરી કાર્યવાહી કરવામાં આવે તેવી પુરી શક્યતા સેવાઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યસભાના સાંસદ રામ મોકરિયા દ્વારા ગત સપ્તાહ દરમિયાન આ જ અધિકારી સામે લાંચનો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, તેઓ સાંસદ ન હતા ત્યારે તેમની પાસે ભીખા ઠેબાએ રૂપિયા ૭૦ હજારની લાંચ લીધી હતી અને સાંસદ બનતા તે લાંચની રકમ પરત આપી ગયા હતા. જો કે, આ વાતથી ભાજપના રાજમાં ભાજપની સરકારના સમયમાં ભ્રષ્ટ્રાચાર થતો હોવાનો ખુદ ભાજપના સાંસદે જ ખુલાસો કરી દેતા ચકચાર મચી જવા પામી હતી.

# વિંછીયા પાસે ખેડૂતને આંતરી રૂા.૧૧.૫૦ લાખની લૂંટ ચલાવનાર પાળીયાદનો શખ્સ ઝડપાયો

## બેંકમાંથી પૈસા ઉપાડી બાઈક પર લઈ અજમેર ગામે જઈ રહેલાં ખેડૂતને રસ્તામાં બે શખ્સોએ આંતરી બેગ લઈ ફરાર થયા બાદ ગ્રામ્ય એલસીબી તથા સ્થાનિક પોલીસની અલગ અલગ ટીમોએ તપાસ હાથ ધરી'તીઃ રૂા.૧૦ લાખની રોકડ કબ્જેઃ વધુ એકની શોધખોળ

**મુખ્ય સમાચાર, જસદણ**

વિંછીયા નજીક પાક ધિરાણની રકમ લઈને ઘરે જઈ રહેલા ખેડૂત પાસેથી ૧૧.૫૦ લાખની સનસનાટી ભરી લૂંટ થતા ચકચાર મચી જવા પામી હતી. બનાવ પગલે ગ્રામ્ય પોલીસે ગણતરીના દિવસોમાં લૂંટના બનાવનો ભેદ ઉકેલી નાંખી એક શખ્સની ધરપકડ કરી રૂા.૧૦ લાખની રોકડ કબ્જે કરી છે.

આ અંગેની માહિતી મુજબ વિછીયા તાલુકાના અજમેર ગામે રહેતા કોળી ઝવેરભાઈ મોતીભાઈ જમોડ તથા ધમાભાઈ સામતભાઈ ખટાણા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની વિછીયા શાખામાંથી પાક ધિરાણની રકમમાંથી ૧૧.૫૦ લાખ રૂપિયાની રકમ ઉપાડીને બેન્કમાંથી રકમ લઈને સાંજે તેઓ મોટરસાયકલ ઉપર તેમના ઘરે અજમેર ગામે જઈ રહ્યા હતા દરમિયાન બે અજાણ્યા શખસો એક મોટર સાયકલ ઉપર આવેલા અને આ બે







શખસોએ વિછીયા અજમેરના રસ્તા ઉપર ચિરોડાના પાટીયા પાસે બાઇક ઉપર જઈ રહેલા ઝવેરભાઈ તથા ધમાભાઈના મોટરસાયકલને આંતરીને ઝપાઝપી કરીને ફિલ્મી ઢબે લુંટ ચલાવી હતી અને ૧૧.૫૦ લાખ રૂપિયાની રકમ ભરેલી બેગ લઈને આરોપીઓ નાસી છૂટયા હતા. ઝપાઝપીને કારણે મોટર સાયકલ ઉપરથી પડી જતા ઝવેરભાઈ જમોડ તથા ધમાભાઈ રબારીને ઈજા થતા આવ્યો તેમને હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતા જ વિંછીયા પીએસઆઈ ઈન્દ્રજીતસિહ સરવૈયા તથા રાઈટર જીજ્ઞેશભાઈ કુકડિયા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને આરોપીને ઝડપી લેવા માટે ચક્રોગતિમાન કર્યા છે. બેંકમાંથી રકમ ઉપાડીને જઈ રહ્યા હતા એ દરમિયાન આ બનાવ બન્યો હોવાથી આ બનાવમાં જાણ ભેદુ હોવાની શંકા સેવાઈ રહી છે. ઘટના સ્થળ નજીકના કોઈ સીસીટીવી ફૂટેજ મળે તો તે મેળવીને તે દિશામાં પણ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો અને પોલીસની અલગ અલગ ટીમો લૂંટારૂઓને ઝડપી લેવા કામે લાગી હતી. તે દરમિયાન રૂરલ એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરા, એસઓજી પીઆઈ એફ.એ. પારઘી અને તેમની ટીમના માણસોને મળેલ ચોક્કસ બાતમીના આધારે લૂંટના બનાવને અંજામ આપનાર પાળિયાદ લીંડીયાના કાઠે રહેતો કિરણ પ્રવીણ મેર નામના શખ્સને દબોચી લઈ તેના કબ્જામાંથી ૧૦ લાખ રૂા. રોકડા અને એક બાઈક કબ્જે કરી ગણતરીના દિવસોમાં લૂંટના બનાવનો ભેદ ઉકેલી નાંખી વધુ એક શખ્સની શોધખોળ શરૂ કરી છે.

# કુવાડવાના સરપંચ અને પુરવઠાના અધિકારીના ત્રાસથી યુવાન લાપતા બન્યો

## સરકારી ખરાબામાં હોટલ બનાવવા બાબતે સરપંચ હપ્તા માંગતા હોવાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા ગામના સરપંચ સંજય પોલાભાઈ પીપળીયા અને પાણી પુરવઠાના મહિલા અધિકારી કોમલબેનના ત્રાસથી હાઈ- વે પર હોટલ ધરાવતા ઠાકોર સમાજના અગ્રણી ભેદી રીતે ગુમ થઈ જતાં આ મામલે કુવાડવા પોલીસને ગૂમ થનાર ઠાકોર સમાજનાં તાલુકાના ઉપપ્રમુખ સુરેશ સગરામ બાહુકીયાના પરિવારજનોને પોલીસે જાણ કરી છે.

આ મામલે ગુમ થયેલા ઠાકોર સમાજનાં તાલુકાના ઉપપ્રમુખના ભત્રીજા સચિન બાહુકીયાએ આક્ષેપ સાથે જણાવ્યું કે, તેના કાકાને રાજકોટ અમદાવાદ હાઈવે પર બાઉન્ટ્રી પાસે હોટલ હોય જે હોટલની





બાજુમાં પાણી પુરવઠા વિભાગનો સંપ હોય સરકારી ખરાબામાં તેમની હોટલ હોય તેમજ જેસીબી અને ટ્રેક્ટર દ્વારા રેતી કપચીનો ધંધો કરતાં કાકા સુરેશભાઈ બાહુકીયાને છેલ્લા ૧૫ દિવસથી સરપંચ સંજય પોલા પીપળીયા હેરાન કરતો હોય અને પાણી પુરવઠાના અધિકારી કોમલબેન મારફતે સરકારી ખરાબામાં હોટલ અંગે નોટિસ આપી હતી. જો હપ્તો નહીં આપે તો હોટલ ચાલવા નહીં દે તેવી ૨૦ દિવસથી સંજય પીપળીયા ધમકી આપતો હોય બે દિવસ પૂર્વે કાકા સુરેશભાઈ બાહુકીયા હાઈ-વે પર આવેલ જી.જે.૩ હોટલ પાસેથી એક વાહનમાં બેસીને ક્યાંક ચાલ્યા ગયા હોય અને ફોન પણ બંધ હોય આ મામલે કુવાડવા પોલીસને જાણ કરવામાં આવી છે. જેમાં જો સુરેશભાઈને કઈ પણ થશે તો તેના સંપૂર્ણ જવાબદાર કુવાડવાના સરપંચ સંજય પીપળીયા અને પાણી પુરવઠાના અધિકારી કોમલબેન રહેશે. તેવી પોલીસને જાણ કરવામાં આવી છે.

# ગોંડલના મોવિયા ગામે પ્રેમ લગ્ન કરનાર યુવક-યુવતીની જાહેરમાં ધોલાઈ


## ઘટના બાદ યુવતીના પરિવારજનો અપહરણ કરી ગયાનો આક્ષેપઃ મહિલા સહિત ચાર સામે નોંધાયો ગુનો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ તાલુકાના મોવિયા ગામે જાહેરમાં પટેલ દંપતીને માર મારવાની ઘટના સામે આવી છે. પ્રેમલગ્ન કરનાર યુવક- યુવતીને લાકડી અને દોરડા વડે જાહેરમાં ઢોર માર મારવામાં આવ્યો, ત્યાર બાદ યુવકને માલવાહક ગાડીમાં બેસાડી અપહરણ પણ કરવામાં આવ્યું અને યુવતીને તેના પરિવારવાળા બળજબરીપૂર્વક એક્ટિવામાં બેસાડી ફરાર થઈ ગયા હતા. બંને યુગલને માર મારતાનો સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો.

આ અંગેની માહિતી મુજબ પટેલ સમાજના યુવકે અન્ય જ્ઞાતિની યુવતી સાથે બે મહિના પહેલાં પ્રેમલગ્ન કર્યાં હતાં.







જેના કારણે બંને પર હુમલો થયો હતો. આ હુમલો અને અપહરણ કરનાર યુવતીના કાકા અરવિંદભાઈ ભૂપતભાઈ ગોહેલ, ભાઈ હસમુખભાઈ ગોહેલ અને અન્ય સાગર નામનો વ્યક્તિ હોવાનું જાણવા મળ્યું છે. જેમાં અન્ય સમાજની યુવતી જોડે પ્રેમલગ્ન કરતા તેને જાહેરમાં માર મારવામાં આવ્યો હતો અને તે બાદ યુવક અને યુવતીનું પણ અપહરણ કરવામાં આવ્યું હતું.

હુમલાનો ભોગ બનેલા રાજેશકુમાર ઉર્ફે લાલો ચકુભાઈ ગાંજીપરાને માર મારવાના કારણે ઈજા થતા ગોંડલની સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેણે સમગ્ર ઘટના અંગે જણાવતા કહ્યું હતું કે, અમે પ્રેમલગ્ન કર્યાં હતાં જેને કારણે યુવતીના કાકાએ અન્ય બે લોકો સાથે મળી અમને ઢોર માર માર્યો હતો. બાદમાં અપહરણ કર્યા બાદ મને અજાણી જગ્યા પર લઈ જઈ ત્યાં પણ માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ત્યાર બાદ મને મૂકી ત્યાંથી તે લોકો ફરાર થઈ ગયા હતા અને મારી પત્નીને પણ લઈ ગયા હતા. હાલ મારી પત્ની ક્યાં છે એ મને ખ્યાલ નથી. ગોંડલ તાલુકા પોલીસ સમગ્ર બનાવને લઈને મોડી રાત્રે ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી હતી.

મોવિયા ગામમાં જાહેરમાં મારામારી થઈ તેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયો હતો. જેમાં દેખાઈ રહ્યું છે કે, ઇજાગ્રસ્ત યુવકને માર માર્યા બાદ માલવાહક ગાડીમાં બેસાડી દેવામાં આવે છે છતાં પોલીસે અપહરણની ઘટનાનો ફરિયાદમાં ઉલ્લેખ કર્યો ન હતો. તાલુકા પોલીસે અરવિંદ પોપટ ગોહેલ, સાગર મોહન, હંસરાજ ભીખા ગોહેલ, ટીનાબેન હંસરાજ ગોહેલ વિરુદ્ધગુનો નોંધવામાં આવ્યો છે.

# કરોડોની જમીન પ્રશ્ને સ્વામી પર હીચકારો હુમલો કરનાર રાજકોટ-જૂનાગઢના પાંચ શખ્સોની ધરપકડ

## હુમલાખોરો શ્રીધામ ગુરૂકુળમાં ઓફિસમાં ઘુસી સ્વામી પર હુમલો કર્યોઃ પોલીસ સીસીટીવી ફુટેજ કબ્જે કર્યા

**મુખ્યં સમાચાર, રાજકોટ**

જૂનાગઢ નજીક આવેલ શ્રીધામ ગુરુકુળના સ્વામી ઉપર ઓફિસમાં ઘૂસીને મારપીટ કરીને ધમકી આપવા મામલે તાલુકા પોલીસે રાજકોટના ચાર અને જૂનાગઢના એક મળીને કુલ પાંચ શખ્સોની ધરપકડ કરી છે.

જૂનાગઢ નજીક ઝાલણસર ગામે આવેલા શ્રીધામ ગુરૂકુળના પ્રમુખ સ્વામી વિજયપ્રકાશ ગુરુ મ્હોણ પ્રકાશદાસજી ઉપર ગત તા.૨૪ ના રોજ કેટલાક ઈસમોએ ઓફિસમાં ઘુસી આવીને મારપીટ કરી હતી, અને ઝાપટો મારીને ગાળો આપી વિડીયો ઉતાર્યો હોવાની ઘટનાએ ચકચાર મચાવી હતી, જે ઘટનાનો વિડીયો વાયરલ થયા પછી



સ્વામીએ ચાર શખ્સોના નામજોગ ફરિયાદ તાલુકા પોલીસમાં નોધાવી હતી.જે કેસમાં તાલુકા પોલીસે રાજકોટના જય કિશોર મોલીયા (માસ્તર સોસાયટી), જસ્મીન બાલાશંકર માઢક (નવલનગર), પ્રકાશ કરશન વાઘ (શાપર વેરાવળ), પ્રદ્યુમનસિંહ મયુરસિંહ સરવૈયા (નવલનગર), અને રામ જાદવ મેર (જૂનાગઢ, મીરાનગર પાછળ, પૃથ્વીપાર્ક સોસાયટી) ની ધરપકડ કરવામાં આવી છે, ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ કહ્યું કે, હાલ આ કેસમાં પોલીસે ગુરુકુળના સીસીટીવી ફૂટેજ કબ્જે કર્યા છે.

ફૂટેજના આધારે અને સાક્ષીઓના નિવેદનના આધારે આગળની તપાસ શરુ કરવામાં આવી છે, આ કેસમાં આરોપીઓ સાથે સ્વામીને એક જમીનની લેતી-દેતી મામલે વાંધો પડતા હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે.

# બેટી ગામના પુલ પાસે ડમ્પરે બાઈક અને રિક્ષાને ઠોકરે ચડાવતા યુવાનનું કરૂણ મોત

## રાજકોટ કામે આવતા હિરાસર (કોઠારિયા) ગામના બાઈક ચાલકને કાળ ભેટયોઃ પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ- ચોટીલા હાઈ-વે ઉપર કુવાડવાના બેટી ગામના પુલ પાસે હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે. પૂરપાટ ઝડપે આવતા ડમ્પર ચાલકે રીક્ષા અને બાઈકને ઉલાળતા અકસ્માત સર્જાયો હતો. જેમાં હિરાસર ગામના યુવાનનું ગંભીર ઈજા થતા ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યુ હતું. જ્યારે અકસ્માત સર્જી ડમ્પર ચાલક ફરાર થઈ જતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત કુવાડવા મુજબ નજીક ભપોરે પુરપાટ ઝડપે ભરેલા ડમ્પરના ચાલકે આગળ જતી રીક્ષા અને





બાઈકને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ભાઈક સવાર યુવાન ફંગોળાઈ જતા રોડ પર પટકાયા બાદ તેના માથા ઉપર વ્હીલ ફરી વળતા ઘટના સ્થળે જ તેનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. બનાવને પગલે ઘટના સ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. જ્યારે અકસ્માત સર્જનાર ડમ્પર ચાલક વાહન લઈ કરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે નેશનલ હાઈ-વે ઉપર ટ્રાફિકજામ સર્જાયો હતો. આ ઘટના અંગે જાણ થતા એરપોર્ટ પોલીસ મથકના પીએસઆઈ ગામીત, વિપુલભાઈ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો પોલીસે ઘટના સ્થળે દોડી જઈ ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો અને ઘટના સ્થળે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક હિરાસર (કોઠારીયા) ગામે રહેતો જેન્તી કરશનભાઈ વાઘાણી (ઉ.વ.૩૦) હોવાનું જાણવા મળ્યું છે. મૃતક બાઈક લઈને રાજકોટ કામે જતો હતો ત્યારે અકસ્માત નડતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. અકસ્માતની ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હોય પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ડમ્પર ચાલકની શોધખોળ હાથ ધરી છે.